ગાંધીનગર સમાચાર

ગાંધીનગરમાં ગરમીનો પારો ઉંચકાયો

વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ ૩૫ ડિગ્રી સુધી ગગડેલુ તાપમાન પુનઃ ૪૦ ડિગ્રીએ પહોંચ્યુ : જો કે સાંજે હજુ થોડીક ઠંડક

ગાંધીનગર, તા. ૯

જમ્મુ-કાશ્મીર સહિતના સમગ્ર ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં વાતાવરણમાં પલ્ટો આવતા બરફ વર્ષા અને ભારે વરસાદ થયો હતો. જેની અસર ગાંધીનગર અને સમગ્ર ગુજરાત પર થતાં પારો ૩૫ ડિગ્રી સુધી ગગડી ગયો હતો. જો કે આજે વાતાવરણ સ્થિર થતાં ઉનાળો પુનઃ જામ્યો છે.

ચૈત્ર માસના પ્રારંભે ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં આકરી ગરમી પડવાનો પ્રારંભ થયો હતો. આકરી ગરમી પડ્યા બાદ અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવી ગયો હતો. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં પડેલી બરફ વર્ષાની અસર હેઠળ બે-ત્રણ દિવસ અગાઉ પારો અચાનક જ પાંચ-સાત ડિગ્રી જેટલો ગગડ્યો હતો. લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સુધી પહોંચી ગયુ હતુ. એક તબક્કે તો ઋતુનુ ચક્ર ઉલ્ટુ ફર્યુ હોય અને ઠંડી પડવા માંડી હોય તેવુ લાગતુ હતુ. જો કે હવે ધીમે ધીમે વાતાવરણ સ્થિર થયુ છે. અને ગરમી વધવા માંડી છે. ચૈત્ર માસ ધીમે ધીમે તપી રહ્યો

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાની સરકારી પ્રા. શાળાઓમાં ઘટતી વિદ્યાર્થીઓની સંખ્યા

સરકારી શાળાઓમાં ઘટેલી સંખ્યાની તુલનામાં ખાનગી શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે પણ ડ્રોપ આઉટ થનાર બાળકો વિશે ચિંતા કરવાનો સમય આવી પહોંચ્યો છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૨૦૧૪-૧૫ની તુલનામાં ૨૦૧૫-૧૬માં બે હજાર વિદ્યાર્થીઓનો ઘટાડો નોંધાતાં તંત્રમાં હડકંપ મચી જવા પામી છે. આ સાથે ડ્રોપ આઉટ રેસિયા અંગે પણ ચિંતા તંત્રને કોરી ખાય તેવી સ્થિતિમાં હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૧૪-૧૫માં સરકારી શાળાઓમાં નોંધાયેલા બાળકોની સંખ્યા ૧,૩૧,૯૩૮ હતી, જ્યારે ૨૦૧૫-૧૬માં આ સંખ્યા ઘટીને ૧,૨૯,૦૭૦ થવા પામી છે. ૨૦૧૬-૧૭માં આ સંખ્યાનો આંક બિન સત્તાવાર સૂત્રોની વિગતો પ્રમાણે ૧ લાખ ૨૫ હજાર જેટલો જ છે.

જિલ્લામાં દર વર્ષે સરકારી શાળાના બાળકોની સંખ્યામાં ઘટાડો

નોંધાઈ રહ્યો છે જેની સામે ખાનગી શાળાઓની સંખ્યા અને વિદ્યાર્થીઓની સંખ્યામાં વૃદ્ધિ જોવા મળી રહી છે તે સૌથી મોટી ચિંતાનો વિષય છે.

સરકારના સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૧૧-૧૨માં સરકારી શાળામાં નોંધાયેલા બાળકોની સંખ્યા ૧,૩૩,૭૭૬ હતી જે ૨૦૧૨-૧૩માં વધીને ૧,૩૭,૯૯૪ થઈ હતી પરંતુ આ પછી સંખ્યામાં સતત ઘટાડો થતો જોવા મળ્યો છે.

૨૦૧૩-૧૪માં આ સંખ્યા ઘટીને ૧,૩૫,૦૯૬ થઈ હતી. આ પછીના વર્ષમાં ચાર હજાર જેટલો ઘટાડો નોંધાયો હતો. ૨૦૧૪-૧૫માં આ સંખ્યા ૧,૩૧,૯૩૮ થઈ હતી. જ્યારે ૨૦૧૫-૧૬માં આ સંખ્યામાં બે હજારના ઘટાડા સાથે ૧,૨૯,૦૭૦ થવા પામી છે.

ગાંધીનગર જિલ્લામાં ૩-૬-૧૬ની સ્થિતિએ ૬૩૮ સરકારી પ્રાથમિક શાળાઓ કાર્યરત હતી અને તેની સામે ૩૬૪ ખાનગી પ્રા. શાળાઓ કાર્યરત હતી. આમ જિલ્લામાં ૧૦૦૨ પ્રાથમિક શાળાઓ કાર્યરત હતી.

જિલ્લામાં ૨૦૧૪-૧૫ની સ્થિતિએ ૧,૦૧,૭૦૩ બાળકો નોંધાયેલા હતા. જેની સામે ૨૦૧૬-૧૭માં વધીને ૧,૦૪,૮૨૪ બાળકો નોંધાયેલા હતા. ખાનગી શાળાઓમાં બાળકોની સંખ્યા વધેલી જણાય છે પણ સરકારી શાળા છોડી ગયેલા બાળકોની તુલનામાં તે ઘણા ઓછા જણાય છે જેને લઈ ડ્રોપઆઉટ રેસિયો પુનઃ ચિંતાજનક બન્યો હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં સરકારી શાળાઓમાં શિક્ષણને ગુણવત્તાસભર બનાવવાની વાતો વચ્ચે ડ્રોપઆઉટ રેસિયાની ચિંતા સરકાર વિસરી ગઈ હોવાની વાતો શિક્ષણ જગતમાં ચર્ચાનો મુદ્દો બની છે.

● અનુસંધાન પાન-૭ પર

ભારતીય રેલવે બોર્ડની પેસેન્જર સમિતિ કેપિટલ સ્ટેશનની મુલાકાતે

સમિતિના સભ્યોએ સ્વચ્છતા તેમજ પેસેન્જરલક્ષી સુવિધાઓનુ નિરિક્ષણ કરી અધિકારીઓને સુચનો કર્યા : સ્ટેશન વિકાસની નવી યોજના અંગે પણ જાણકારી મેળવી

ગાંધીનગર તા ૯

ભારતીય રેલવે બોર્ડના સુવિધા સમિતિના સભ્યોએ આજે ગાંધીનગર રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી. સમિતિના સભ્યોએ રેલવે સ્ટેશનની સ્થિતિનુ નિરિક્ષણ કરી મુસાફરલક્ષી સુવિધાઓનો પણ અભ્યાસ કર્યો હતો. સ્ટેશન પર મુસાફર લોન્જ તેમજ સ્વચ્છતા અંગે પણ ચકાસણી કરી હતી. જયારે મુસાફરોને પણ પૃચ્છા કરી હતી. આ દરમિયાન સ્ટેશનના નવિનીકરણની વિકાસ યોજના અંગે પણ અભ્યાસ કરી જરૂરી માહીતી મેળવી હતી.

કેપિટલ સ્ટેશનને ફાઈવ સ્ટાર હોટલ બનાવાનુ કામ હાથ ધરવામાં આવનાર છે. જયારે આ સાથે સ્ટેશનનુ પણ નવિનીકરણ કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સ્ટેશનને હાઈટેક બનાવાની આ યોજના અન્વયે આજે ભારતીય રેલવે બોર્ડના સુવિધા સમિતિના સભ્યોએ સ્ટેશનની મુલાકાત લીધી હતી. બોર્ડના સભ્યોમાં એ ડી આર એમ આશુતોષ ,પેસેન્જર એનિમીટી કમિટીના ચેરમેન મોહમ્મદ ઈરફાન અહેમદ, એમ પી ડો અશોક ત્રિપાઠી, નાગેરા નવજ્યોત, પ્રદેશ ભાજપના લઘુમતી મોરચાના કાર્યકર મોહમ્મદ ઈસ્માઈલ પઠાણે સ્ટેશન વિસ્તારની મુલાકાત લીધી હતી આ દરમિયાન તેમણે સ્ટેશન પર યાત્રિકોને મળતી સુવિધાઓ અંગે માહીતી મેળવી હતી. સ્વચ્છ ભારત અન્વયે સ્ટેશન પર સફાઇ અંગેના પરિબળોની ચકાસણી કરી હતી જેમાં મુસાફર લોન્જમાં મુસાફરલક્ષી સુવિધાઓ અંગે માહીતી મેળવી હતી. જયારે દિવલોની સફાઇ અને ઉઘઇની સમસ્યાથી ઘેરાયેલી દિવાલો ધ્યાને આવતા અધિકારીઓને જરૂરી સુચના આપી હતી. આ ઉપરાંત સમિતિના સભ્યોએ સ્ટેશન પર સઘળી સ્થિતિનુ નિરિક્ષણ કરીને યાત્રિકોલક્ષી સુવિધાને સ્પર્શતા પરિબળો અંગે અધિકારીઓનુ ધ્યાન દોર્યુ હતુ. વધુમાં આગામી દિવસોમાં સ્ટેશનના વિકાસના નવા પ્રોજેકટ અંગે પણ સ્થળ નિરિક્ષણ કરી સઘળી માહીતી મેળવી હતી. સ્ટેશનને અનુલક્ષી ફાઇવ સ્ટાર હોટલના પ્રોજેકટનુ કામ હાથ ધરાયુ છે. જયારે સ્ટેશન વિસ્તારના વિકાસ માટે પણ નવિન યોજના સંદર્ભે કામ શરૂ કરવામાં આવનાર છે. ત્યારે સમિતિ દ્વારા સ્ટેશનમાં મુસાફરલક્ષી સુવિધાઓ ઉપરાંત સ્વચ્છતા સંદર્ભે જરૂરી સુચનો કરાયા હતા.

ગુજરાતમાં ભાજપનો ભગવો જ લહેરાશે : વૈંકેયા નાયડુ

અમદાવાદ, તા.૯

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન જ ફરી એકવાર છવાશે. ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા, મણિપુરમાં ઐતિહાસિક

બે લાખ સસ્તા મકાનો બનશે : ૩૫૨ હાઉસીંગ પ્રોજેકટ લોંચ : ત્રણ તલાકનું દૂષણ દૂર થવું જોઈએ

દેખાવ બાદ હવે ગુજરાતની ચૂંટણીમાં પણ ભાજપનો ભગવો લહેરાશે અને પક્ષ એકવાર ફરીથી સત્તા હાંસલ કરશે એ મતલબનો આશાવાદ આજે કેન્દ્રીય ગૃહનિર્માણ મંત્રી વૈંકેયા નાયડુએ વ્યકત કર્યો હતો. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે કેડાઈના ૩૫૨ એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટ્સને લોન્ચ કર્યા બાદ રાજયની ચૂંટણી વિશે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય મંત્રીએ આ આશાવાદ વ્યકત કર્યો હતો. રામમંદિર મુદ્દે પૂછાયેલા એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેમણે જણાવ્યું કે, રામ મંદિર માટે બંને પક્ષે સમાધાનકારી વલણ અપનાવી એકસંમતિ સાધવી જોઈએ તો તેનું નિરાકરણ શકય બને.ત્રણ તલાકના મુદ્દે પણ તેમણે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું કે, હિન્દુ ધર્મમાં સતી પ્રથા અને બાળલગ્ન જેવા સામાજિક દૂષણો દૂર થયા છે તે જ પ્રકારે મુસ્લિમ ધર્મમાં પણ ત્રણ તલાકનું દૂષણ દૂર થવું જોઈએ. આ માટે ખુદ મુસ્લિમ ધર્મના જાગૃત ધર્મગુરૂઓએ આગળ આવવું જોઈએ અને મુસ્લિમ મહિલાઓના અધિકારની રક્ષા કરવી જોઈએ.

કેન્દ્રીય મંત્રી વૈંકેયાનાયડુએ જણાવ્યું કે, ભાજપે કરેલા કામો અને તેની વિકાસની નીતિને ધ્યાનમાં રાખીને ગુજરાતની પ્રજા ફરી એકવાર ભાજપને શાસનનું સુકાન સોંપશે. કેન્દ્રના એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટસમાં રોકાણની પહેલ કરવા બદલ તેમણે કેડાઈની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, તેમના મંત્રાલય અને નેશનલ હાઉસીંગ દ્વારા પ્રોજેક્ટ્સનો હિસ્સો બનનાર લાભાર્થીઓને પીએમએવાય(શહેરી) હેઠળ જરૂરી લાભ અને સહકાર આપશે. તેમણે કેડાઈના દેશના ૧૭ રાજયોમાં ૫૩ શહેરોમાં ૩૫૨ પ્રોજેક્ટ્સ લોંચ કર્યા હતા. કેડાઈ દ્વારા ૨,૦૩,૮૫૧ એફોર્ડેબલ મકાનોનું નિર્માણ કરાશે. આ માટે કેડાઈના સભ્યો દ્વારા કુલ રૂ.૩૮,૦૦૩ કરોડથી વધુનું રોકાણ કરાશે.

મહાવીર જયંતિએ પૂજન અર્ચન - ગાંધીનગરના દેરાસરોમાં જૈન શ્રાવકોએ વહેલી સવારથી જ ભગવાન મહાવીરના પૂજન-અર્ચન, અભિષેક અને આંગી કરી હતી...

ફી નિયંત્રણ વિધેયકની સામે શાળા સંચાલક મંડળની બેઠક

સરકારના નવા કાયદા સામે લડત આપવાના મુદ્દે ચર્ચા : વિધેયક, નવા નિયમોના અભ્યાસ કર્યા બાદ જ સરકારના નવા સૂચિત કાયદાને કોર્ટમાં પડકારવાનો નિર્ણય કરાશે

અમદાવાદ, તા.૯

ગુજરાત સરકારના ઐતિહાસિક સ્વનિર્ભર શાળા ફી નિયમને વિધેયક બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓ ગેલમાં આવી ગયા છે ત્યારે સ્વનિર્ભર શાળા સંચાલકોના જાણે મોતિયા મરી ગયા છે. સરકારના નવા સૂચિત કાયદાને લઈ કફોડી સ્થિતિમાં મૂકાયેલા રાજયના

● અનુસંધાન પાન-૭ પર

આજે પંચાયતના વિવિધ સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ ઉમેદવારોને નિમણુંકો અપાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આજે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થનાર ઉમેદવારોને સવારે એક સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં નિમણુંક પત્રો એનાયત કરવામાં આવશે.

મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને પંચાયત મંત્રીની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પંચાયત રાજ્યમંત્રી જયંતિભાઈ કવાડિયાની ઉપસ્થિતિમાં નિમણુંક પત્રો એનાયત થશે.

પંચાયત સેવા પસંદગી મંડળ જુદી જુદી ૧૦થી વધુ સંવર્ગમાં ૧૮૦૦થી વધુ જગ્યાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવી હતી. આ ઉપરાંત ગાંધીનગર, ખેડા, અમદાવાદ, અરવલ્લી, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પણ પાંચ સંવર્ગની ભરતી માટે યોજાયેલ પરીક્ષાના ૧૧૦૦થી વધુ સફળ ઉમેદવારોને પણ આ સમારોહમાં જ નિમણુંક પત્રો એનાયત કરવામાં આવશે.

આ નિમણુંક પત્રો એનાયત કરાયા બાદ જે તે જિલ્લા દ્વારા પસંદગી પામેલ ઉમેદવારોને વિગતવાર નિમણુંકોના હુકમો જે તે પંચાયત દ્વારા આપી દેવામાં આવશે. ફેબ્રુઆરી માસમાં આ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું રાજ્યવ્યાપી આયોજન કરવામાં આવ્યુ હતુ જે ઉલ્લેખનીય છે.

તંત્ર દ્વારા આ અંગેની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા કેટરર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN®
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com